બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્નશરૂ થાય તે પહેલાં જ કરવી.

## (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, તેરમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ''તેમનો ધર્મોપદેશ હિંદુ શાસ્ત્રોમાં કહ્યો છે તેનાથી પણ ઉચ્ચતર છે.'' (૨૪/૧૨૪)

➪ વિલિયમ્સન - બિશપ હેબરને

➪ ખ્રિસ્તી ધર્મ પ્રચાર મિશનના વડા રેવરંડ બિશપ હેબર ફરતાં ફરતાં ગુજરાતમાં આવ્યા ત્યારે વડોદરાના કલેક્ટર વિલિયમ્સને બિશપ હેબરને શ્રીજીમહારાજે કરેલ સમાજસુધારાના અને ધર્મસુધારાના કાર્યનો મહિમા કહેતાં કહે છે.

૨. ''અમે રાજ ચલાવવા નથી આવ્યા.'' (૧૪/૮૭)

➪ મહારાજ - કુશળકુંવરબાને

➪ મહારાજને પોતાના દરબારમાં પધરાવ્યા પછી કુશળકુંવરબાએ કહ્યું 'હે મહારાજ ! આ સમગ્ર રાજ્ય આપને ચરણે ધરું છું' ત્યારે રાજ્ય સ્વીકારવાની ના પાડતા મહારાજ કહે છે.

૩. ''તમને ગણિત કેવુંક આવડે ?'' (૯/૫૮)

➪ મહારાજ - મૂળજી શેઠને

➪ કણબી ખેડૂતે ભગવાનને આંધળા કહી કહ્યું ગોવાળો અને વાંદરાનું કલ્યાણ કર્યું અને અમને ભૂલી ગયા. ત્યારે પૃથ્વી ઉપરના મુમુક્ષુ માત્રનું કલ્યાણ કરવાનો સંકલ્પ કરતી વખતે મહારાજ પૂછે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. મૂળુખાચર સંપૂર્ણ નિર્વ્યસની થયા. (૫/૩૩-૩૪)

જ. વરતાલ સમૈયામાં જતાં મૂળુ ખાચરે કુસંગીની ટકોરથી હોકો છોડ્યો અને સત્સંગીની ટકોરથી તમાકુ અને અફીણ છોડ્યાં. વ્યસનની ગુલામી છોડી જીવતર સુધાર્યું.

૨. શ્રીજીમહારાજે કહ્યું, 'અમે શિક્ષાપત્રી લખી અને લોપી'. (૨૬/૧૩૭)

જ. બરવાળામાં એક ભક્તે મહારાજને પોતાના ઘેર આમંત્ર્યા પણ પોતાનું ઘર સાંકડું હોવાથી મોટાભાઈના ડેલામાં મહારાજને બેસારી તેઓ સીધું-સામાન લેવા ગયા. એટલામાં તેનો મોટોભાઈ આવ્યો અને મહારાજને ડેલા બહાર કાઢ્યા. તેથી મહારાજે કહ્યું : 'આપણે શિક્ષાપત્રી લખી અને આપણે જ તોડી,તો દુઃખ આવ્યું. માટે ભલા થઈને કોઈ શિક્ષાપત્રીની આજ્ઞા લોપશો નહિ.

૩. વાંઢિયા ગામ જતાં મુકુંદ બ્રહ્મચારી ગાડામાં બેઠા નહિ. (૭/૪૪-૪૫)

જ. વાંઢિયા ગામ જતાં રસ્તામાં ચોર મળતાં બધું ભાતું ચોરને આપી દીધું. થોડે દૂર ગયા પછી મહારાજ કહે અમારાથી ભૂખ્યા પેટે નહિ ચલાય. ત્યાં એક કણબી ગાડું લઈને નીકળ્યો. તેને સમજાવી મહારાજને ગાડામાં બેસાર્યા પણ પોતે સેવક ધર્મ પાળતા હોવાથી ગાડામાં બેઠા નહિ.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. સહજાનંદરૂપી સૂર્ય (૨૧/૧૧૪-૧૧૫)**

ફુલદોલ પ્રસંગે પંચાળામાં મહારાજ જુદા જુદા સ્વરૂપો ધારણ કરી રાસ રમ્યાં ને સર્વ સંતોને સુખ આપ્યું. મહારાજે ઘી, ગોળ, ચોખા જમાડી મોટો ઉત્સવ કર્યો. હજારો બ્રાહ્મણો, સંતો, હરિભક્તો ભોજન કરી તૃપ્ત થયા. મહારાજે પૂછ્યું, 'છે કોઈ જમવામાં બાકી ?' ત્યારે જમાડવા સંબંધી દેખરેખ રાખનાર હરિભક્તોએ કહ્યું સૌ જમીને તૃપ્ત થયા છે. અમે બધે તપાસ કરી છે. મહારાજની દૃષ્ટિમાંથી કેમ કોઈ રહી જાય ! દૂર નદીને પેલે પાર કેટલાક મેલાંઘેલા કપડામાં ફરતાં લોકો તરફ જોઈને પૂછ્યું

પેલા કોણ છે ? તેમને જમાડ્યાં ? ત્યારે હરિભક્તોએ ના પાડી. તેઓ તો વગડાના વાઘરીઓ છે. દા'ડો ઊગેને બકરાં, મરઘાં, સસલા, હરણાં વગેરેને મારીને ખાનારા પાપી જીવો છે. એવાને કોણ જમાડે. મહારાજ કહે, ''સૂર્ય સૌને માટે ઊગે છે. પાપી પૂણ્યશાળી સર્વને પ્રકાશ આપે છે. મેઘ પણ સૌના ખેતરમાં વરસે છે. તેમ આજે સહજાનંદરૂપી સૂર્ય ઊગ્યો છે. સૌનું કલ્યાણ કરવું છે. માટે તેમને બોલાવી, જમાડીને તૃપ્ત કરો. બે હરિભક્તોએ સામે કાંઠે જઈને તેમને જમવા બોલાવી લાવ્યા ને મહારાજે જાતે પીરસ્યું. સૌના હૃદયમાં મહારાજની મૂર્તિ વસી ગઈ. અંતકાળે મહારાજ તેમને યાદ આવ્યા ને તેમનું કલ્યાણ થયું.

**૨. મહારાજે ગારાને ચંદન કહ્યું (૨૩/૧૨૦)**

વરતાલ ફૂલદોલ કર્યો. તે વખતે વરતાલ મંદિરના બાંધકામનું કામ ચાલતું હતું. બધા સંતો અને હરિભક્તો આ કાર્ય કરતા. મહારાજ ખુરશી નખાવી ત્યાં બેસતા. સૌને બળ, પ્રેરણા અને માર્ગદર્શન આપતા. સૌની સેવાભાવના જોઈ મહારાજ રાજી થયા. મહારાજે કહ્યું : 'તમો સૌએ ખૂબ દાખડો કર્યો છે. માટે આવો, મળીએ.' આથી, ભક્તિપ્રિયાનંદે કહ્યું : 'મહારાજ ! અમારું શરીર ગારાવાળું છે.' મહારાજ હસીને કહે : 'એ ગારો નથી પણ એ તો ચંદન છે. માટે આવો, જેનાં ગારાવાળાં અંગ હોય તેને મળીએ.' કામ કરનારા બધા સંતો અને હરિભક્તોને મહારાજ ભેટ્યા. ગુણાતીતાનંદ સ્વામી દૂર ઊભા હતા. મહારાજે કહ્યું : 'સ્વામી ! આવો તમને મળીએ.' સ્વામીએ કહ્યું : 'મહારાજ ! મારું ગારાવાળું અંગ નથી.' તેમની સરળ અને નિર્દોષ પ્રકૃતિ જોઈ, ગારાવાળું શરીર ન હોવા છતાં મહારાજ તેમને મળ્યા. અહીં મહારાજે સ્વયં મસ્તક પર ઈંટો ઊંચકી.

**૩. શૂદ્રોને દ્વિજપણું દીધું (૨૫/૧૩૨)**

ગોપાળાનંદ સ્વામી થકી છાણીના વણકર તેજાભાઈ સત્સંગી થયા હતા. તેમના થકી અન્ય ઉપેક્ષિત જાતિના વણકરો અને હરિજનો સત્સંગી થયા હતાં. તેઓ નાહીધોઈ, પૂજાપાઠ કરતા. તિલક-ચાંદલો કરતાં. કથાવાર્તા અને ભજન-કીર્તન કરતાં. ચાળ્યાં-ગાળ્યાં વગરનું અન્નજળ બ્રાહ્મણ, વાણિયાના ઘરનું પણ લેતા નહિ. તેથી તેજા ભક્ત અને બીજા હરિજન ભક્તોની ગ્રામજનો ઠેકડી ઉડાડતા. મહારાજ માટે પણ હાંસીયુક્ત શબ્દો બોલતા. તેમાં આજે મહારાજ અહીંથી પસાર થવાના હતા, આથી ગામના આગેવાન બ્રાહ્મણો, મહાજનો અને બાવા, સંન્યાસીઓએ ઢંઢેરો પિટાવ્યો કે 'કોઈ ઊંચા વર્ણના માણસે સ્વામિનારાયણના દર્શને જવું નહિ.' છાણીના હરિભક્તોએ મહારાજને વૃક્ષ નીચે પધરાવ્યા. સૌ હરિભક્તો એક પછી એક હારબંધ મહારાજને પગે લાગી હારતોરા કરવા લાગ્યા. કોઈ બ્રાહ્મણ- વાણિયો દર્શને આવ્યો નહિ. તેથી મહારાજે પૂછ્યું 'ગામમાં કોઈ બ્રાહ્મણ, વાણિયા નથી ? માટે તેજા ભક્તે બધી વાત મહારાજને કરી. મહારાજે તેમની વાત સાંભળી કહ્યું : 'જાઓ, બ્રાહ્મણોના જેવી પંડિતાઈ અને સદ્‌ગુણો તમારામાં આવશે. બ્રાહ્મણો શરમાઈ જાય તેવા વિશુદ્ધ તમારા વર્તન થશે !'

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. મગનીરામને દીક્ષા આપી શું નામ આપ્યું ? (૨/૧૧)

જ. મગનીરામને દીક્ષા આપી મહારાજે 'અદ્વૈતાનંદ' નામ આપ્યું.

૨. કસોટીમાંથી પાર ઊતરેલા સુંદરજી સુતારે શ્રીજીમહારાજને શું કહ્યું ? (૩/૨૪)

જ. કસોટીમાંથી પાર ઊતરેલા સુંદરજી સુતારે શ્રીજીમહારાજને કહ્યું કે 'મહારાજ ! આવી પરીક્ષા મારી ભલે લીધી પણ બીજા કોઈની લેશો નહિ.'

૩. વેદાંતાચાર્યનો ગર્વ શાથી ગળી ગયો ? (૧૭/૯૨)

જ. શ્રુતિ-વેદાંતના બારેય વાક્યોના ઉત્તર મહારાજે કરતાં વેદાંતાચાર્યનો ગર્વ ગળી ગયો.

૪. શ્રીજીમહારાજે કોને જડભરત ગણાવ્યા ? (૨૩/૧૧૯)

જ. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીને (નિર્ગુણાનંદ) જડભરત ગણાવ્યા.

૫. શ્રીજીમહારાજે માણકીને કોનો અવતાર કહ્યો છે ? (૧૧/૭૧)

જ. શ્રીજીમહારાજે માણકીને ગરુડનો અવતાર કહ્યો છે.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૩, ૪ (૧૨/૮૦)    **૨.** ૨, ૪ (૧૮/૧૦૧-૧૦૨)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** કલ્યાણભાઈ (૭/૪૩)    **૨.** કૃપા (૯/૬૧)    **૩.** સ્વામિનારાયણિયા (૨૭/૧૩૯)    **૪.** નમ્રતા (૧૮/૧૦૧)

(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦)

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''મારે તો આપની આજ્ઞા એ જ સમૈયો છે.'' (૭/૫૦)

➩ જાગા ભક્ત - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)

➩ સાંખડાવદરના બીડમાં મંદિરનું એંશી હજાર પૂળા ઘાસ પડ્યું હતું. તેથી સ્વામીએ કેટલાક ભગતોને બીડમાં જવાનું કહ્યું પણ જૂનાગઢમાં આચાર્ય મહારાજ આવ્યા હોવાથી બધાએ ના પાડી. જ્યારે જાગા ભક્તને પૂછ્યું ત્યારે હા પાડતાં કહે છે.

૨. ''દુર્વાસા બધી ગોપીઓના થાળ એકલા જમી ગયા તે સાચું હશે ?'' (૬/૪૩)

➩ લાડુબા - મહારાજને

➩ એક વખત લાડુબાને સંશય થયો કે 'દુર્વાસા બધી ગોપીઓના થાળ એકલા જમી ગયા તે સાચું હશે ? તેથી તેમણે મહારાજને પૂછાવ્યું.

૩. ''હજુ પણ એમ થાય છે કે સાંભળ્યા જ કરીએ.'' (૨/૧૪) ➩ મહારાજ - પ્રેમાનંદ સ્વામીને

➩ આખી રાત કીર્તનો ગાતાં પ્રેમાનંદ સ્વામીએ પ્રભાત થતાં ગાવાનું બંધ કર્યું ત્યાં મહારાજનો પ્રેમાળ સ્વર સંભળાતા સ્વામીએ મહારાજને પૂછ્યું 'દીનાનાથ ! આપ અહીં ક્યાંથી ?' પ્રશ્નના જવાબમાં મહારાજ કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. કમલનયન શાસ્ત્રીને જૂનાગઢ મંદિરમાં શાંતિનો અનુભવ થયો. (૭/૫૬)

જ. શાસ્ત્રીજી મહારાજના સંગમાં કમલનયન શાસ્ત્રીના ઇન્દ્રિયોની વૃત્તિના વેગ શમી ગયાં. ચિત્તમાં એક પ્રકારના આનંદનો અનુભવ થયો. જે આખા હિન્દુસ્તાનની યાત્રામાં ક્યાંય થયો ન હતો તેથી તેમને લાગ્યું કે શાસ્ત્રીજી મહારાજ જરૂર બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ અને તેમને કોઈ મહાસમર્થ ગુરુ મળ્યા હોવા જોઈએ.

૨. આચાર્ય મહારાજને મીઠું ને સાકર બંને સરખા હતા. (૪/૨૭,૨૯)

જ. જેતલપુર પાસે ગામડી ગામે આચાર્ય મહારાજનું ભારે સ્વાગત કર્યુ. ઠાકોરજીને થાળ ધરીને મહારાજને સૌએ દૂધપાક આગ્રહથી પીરસ્યો. સૌના આગ્રહથી મહારાજ રાજી થઈને જમ્યા. હરિભક્તો જમવા બેઠો ત્યારે ખબર પડી દૂધપાક તો ઘણો ખારો હતો. ભૂલથી સાકરને બદલે મીઠું નંખાઈ ગયું હતું. સૌને ઘણો પસ્તાવો થયો. સૌ હરિભક્તોએ માફી માંગી.

**પ્ર.૯ 'મૂળજી બ્રહ્મચારીની પરીક્ષા' (૩/૨૨-૨૩) - પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

એક વખત ભાદરામાં મહારાજે મૂળજી બ્રહ્મચારીને પોતાની મોજડી તેલ ચોપડવા માટે આપી આજ્ઞા કરી કે કોઈ બીજાને આપશો નહિ. એટલામાં વશરામભાઈ આવ્યા અને આગ્રહ પૂર્વક મૂળજી બ્રહ્મચારી પાસેથી મોજડી લઈને તેલ ચોપડવા બેઠા. તે જ વખતે પસાર થતા શ્રીજીમહારાજે આ જોતા જ કહ્યું, 'જાવ તમે વિમુખ છો. આજથી જોડા પહેરશો નહિ. ગળ્યુ-ચીકણું ખાશો નહિ.' બ્રહ્મચારી છ માસ ડભાણમાં રહ્યા. રામદાસભાઈએ દોઢમણ કેરીનો તૈયાર કરેલો ટોપલો લઈ ઉઘાડા પગે ચાલીને ગઢડા મહારાજ પાસે આવ્યા. શ્રીજીમહારાજ આગળ કેરીનો ટોપલો મૂકી, પગે લાગી 'જય સ્વામિનારાયણ' કહ્યા તો મહારાજે મોઢું ફેરવી ગયા અને જવાબ પણ ન આપ્યો. નારાયણ પણ ન કહ્યા. ગામમાં એક સુથારણ બાઈને આ વાતની ખબર પડતાં મહારાજને ઠપકો આપતાં કહ્યું, 'મહારાજ ! આવા નમેરા (નિર્દય) કેમ થયા છો ? આ બ્રહ્મચારી ઉઘાડા પગે સાઠ ગાઉ ચાલી દોઢ મણ કેરીનો ટોપલો લઈને આવ્યા અને જય સ્વામિનારાયણ પણ કહ્યા નહિ.' મહારાજે કહ્યું 'અમારી ક્યાં ના છે ?' અને બ્રહ્મચારી તરત જ સેવામાં જોડાઈ ગયા. મહારાજે વગર વાંકે અપમાન કર્યું, કાઢી મૂક્યા છતાં પણ તેમને જરાય ક્ષોભ ન થયો અને મહારાજમાં અખંડ વૃત્તિ રાખી ભજન કર્યું.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. દાદાખાચરનું બીજું નામ શું હતું ? (૫/૩૩)

જ. દાદાખાચરનું બીજું નામ 'ઉત્તમ' હતું.

૨. ભક્તિમાતાએ સ્ત્રીઓને દર્શન આપી શું કહ્યું ? (૬/૪૨)

જ. ભક્તિમાતાએ સ્ત્રીઓને દર્શન આપીને કહ્યું કે 'તમે અન્નકૂટમાં બહુ જ સેવા કરી, તેથી અમે રાજી થઈને તમને દર્શન આપ્યાં છે.

૩. જાગા ભક્ત કઈ ત્રણ વસ્તુ જોવાની ના પાડતા ? (૭/૫૩)

જ. જાગા ભક્ત પારકી ક્રિયા, પારકો આકાર કે પારકા દોષ જોવાની ના પાડતા.

૪. કૃષ્ણજી અદાએ અંત સમયે યોગીજી મહારાજને શું કહ્યું ? (૮/૬૬)

જ. કૃષ્ણજી અદાએ અંત સમયે યોગીજી મહારાજને કહ્યું 'સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંગ રાખજો અને તે કહે તેમ કરજો.'

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : દાદાખાચર (૫/૩૩)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) ફક્ત સાચા નંબરો | ૨ | ૪ | ૫ | ૮ | ૧૦ | ૧૨ |
| (૨) યથાર્થ ઘટનાક્રમ | ૨ | ૧૦ | ૮ | ૧૨ | ૪ | ૫ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો: જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમ: ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** : નિત્યાનંદ સ્વામી સાત ગાડામાં પુસ્તકો ભરી અમદાવાદ આવ્યા. તેઓ પોતે શરીરે બહુ સ્થૂળ હતા, એટલે એક ગાડામાં તો પોતે જ એકલા બેસતા. (૧/૬)

૨. **આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ :** આચાર્ય મહારાજના પુત્ર તથા ગાદીના વારસ શ્રી કેશવપ્રસાદજી મહારાજનું અંતઃકરણ સ્વામીની વાતોથી રંગાઈ ગયું ને પોતાની રજોગુણી પ્રકૃતિનો ત્યાગ કરી રોજ સાંજે કથામાં બેસવા લાગ્યા. (૪/૩૦)

૩. **ભક્તરાજ લાડુબા :** મહારાજે બળેલી ગોદડી જોઈને કહ્યું : 'આ ગોદડી બળી ગઈ. હવે આપણે શું જવાબ દેવો? આપણે અહીંથી જતા રહીએ.' (૬/૪૫)

૪. **પ્રેમસખી પ્રેમાનંદ :** પૂર્વના સંસ્કારથી અને મહારાજની કૃપાથી થોડાં વર્ષોમાં તે ગાન અને વાદ્ય સંગીતમાં પારંગત બની ગયો. એકાએક એક દિવસ તેને મહારાજ સાંભરી આવ્યા. (૨/૧૧-૧૨)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. નીલકંઠવર્ણીનું પ્રભાવક વ્યક્તિત્વ : (૧)** વ્યક્તિત્વનો અર્થ - વિશ્વમાં દરેક વ્યક્તિ એકબીજાથી ભિન્ન જોવા મળે છે. તેથી જે વ્યક્તિની જે વિશેષતા હોય તે વ્યક્તિનું વ્યક્તિત્વ - આમ, તો નીલકંઠવર્ણી સ્વયં પુરુષોત્તમનારાયણ પરંતુ તેમના વ્યક્તિત્વને મૂલવવું હોય તો તેમના પ્રભાવક વ્યક્તિત્વને ધ્યાનમાં લેવું જ પડે. (૨) જન્મ સમયથી જ બાળચરિત્રો ઐશ્વર્ય વિદ્વતા - આબાલવૃદ્ધ સહુને પ્રભાવિત કરતું વ્યક્તિત્વ. (પ્રસંગો) (૩) વનવિચરણ દરમિયાન નીલકંઠવર્ણીના પ્રભાવક વ્યક્તિત્વના સંપૂર્ણપણે શ્રેષ્ઠત્તમ દર્શન - ભૂખ-તરસ, સુખ-દુઃખ, શીત-ઉષ્ણ વગેરે સ્થિતિમાં દેહનો સંપૂર્ણ અનાદર - સહનશક્તિની ચરમ સીમા (પ્રસંગો) ગાત્રો થીજાવી દેતી ઠંડીમાં પણ ફક્ત કૌપીનભેર વિચરણનો ખૂબ મોટો પ્રભાવ - મનુષ્ય દેહે આ શક્ય જ નથી. (૪) નિષ્કામધર્મ, અહિંસા, નિયમ-ધર્મ વગેરેનું સંપૂર્ણપણે દૃઢતાથી પાલન મુમુક્ષુ જીવોને ઓળખીને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવવી, માયામાંથી બહાર કાઢીને ભગવાનની ભક્તિ તરફ પ્રેરવા તે પ્રભાવક વ્યક્તિત્વ. (૫) રાજાઓ, મહારાજાઓ, મોટા યોગીઓ, મોટા મોટા મઠોના મહંતો, સૂર્યદેવ, હિમાલય તેમજ દેવો પર નીલકંઠવર્ણીનો પ્રભાવ - અરે, પ્રાણીઓ, પક્ષીઓ, રાક્ષસો પણ તેમના સ્વભાવો છોડી નીલકંઠવર્ણીના વ્યક્તિત્વથી આર્કષાઈને તેમના શરણે. (પ્રસંગો) (૬) આ જે નીલકંઠવર્ણીનું ફક્ત વ્યક્તિત્વ તે પ્રભાવક વ્યક્તિત્વ જ નહિ પરંતુ તેમનું તપ, તેજ, પવિત્રતા, શુદ્ધતા, સાધુતા, દયાળુ પ્રકૃતિ અને સદ્‌ગુણો - વ્યક્તિત્વનાં અનેક પાસાં - તેથી તેમનું વ્યક્તિત્વ પ્રભાવક બન્યું જ પરંતુ મુમુક્ષુ જીવો તો તેમને પરમાત્મા તરીકે જ ઓળખ્યા. (પ્રસંગો) (૭) આ રીતે નીલકંઠવર્ણીના પ્રભાવક વ્યક્તિત્વથી પૃથ્વી પર એકાંતિક ધર્મનું સ્થાપન થયું.

**૨. આદિવાસી ઉત્થાનની ગંગોત્રી - પ્રમુખસ્વામી મહારાજ : (૧)** કોઈપણ ઈમારતની બુલંદી તેનો પાયો - આદિવાસી એકતા ઉત્કર્ષનો પાયો પ્રમુખસ્વામી મહારાજ. (૨) ભગવાન સ્વામિનારાયણનો ધરમપુર તાલુકા દ્વારા ગુજરાતમાં પ્રવેશ - નીલકંઠવર્ણીની દિવ્ય દૃષ્ટિના પ્રભાવનું સ્વામીશ્રીના પુરુષાર્થથી આદિવાસીઓના ઉત્કર્ષમાં પરિણામ - સ્વામીશ્રીનું આદિવાસીઓને સંબોધન ઘણું બધું કહી જાય છે. - આદિવાસીઓનો અર્થ - સૌથી આદિ પરમાત્મા - તેમની સમીપ રહેનારા એ આદિવાસી - પરમાત્માની નજીક તેથી પરમાત્માની તમારા પર વિશેષ કૃપા. (૩) છેલ્લા ચાર દાયકાથી સ્વામીશ્રીનું આદિવાસીઓના વિસ્તારમાં વિચરણ - ઝૂંપડે - ઝૂંપડે જઈને અજવાળાં પાથર્યાં. (પ્રસંગો) પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વિના આદિવાસીઓના સુખ સમૃદ્ધિની ઉન્નતિ - ઝૂંપડી કે કૂબામાં તૂટેલી પાંગતવાળી ખાટ પર કે ફાટેલ તૂટેલ ગોદડી પર બેસીને અને અડદનાં ઢેબરાં જમીને આદિવાસીઓના જીવન ઉત્કર્ષ માટે પોતાની જાતને પાયામાં ધરબી દીધી. (૪) આજે ગુજરાતમાં મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતના આદિવાસી પ્રદેશોના વનવાસીઓના કલુષિત જીવનને પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ધોવાઈને સત્સંગ, સદાચાર, શ્રદ્ધા

અને ભક્તિમાં પરિણમ્યાં છે. (પ્રસંગો) (૫) અનેક દેવદેવીઓની માન્યતાઓમાંથી બહાર નીકળી ભગવાન અને સંત પર અચળ શ્રધ્ધા - રોગચાળો ફેલાય તેમજ ગમે તેવી આપત્તિમાં માનતા કરતા પણ હવે સત્સંગના રંગે રંગાઈ ગયા છે. વહેમ, વ્યસનની સંપૂર્ણ નાબૂદી થઈ છે. કુરિવાજો અને ખોટી માન્યતાઓને તિલાંજલિ - અમુક કુરિવાજ કે માન્યતાને માટે બાળકની ટુકડી તૈયાર કરતા પણ અચકાય નહિ એવા - આદિવાસી બંધુઓ ચુસ્ત સત્સંગી બન્યા છે. (પ્રસંગો) (૬) દારૂના વ્યસનમાંથી મુક્તિ - લાખો રૂપિયા દર વરસે આ બદીઓમાં જતા હવે આ રૂપિયા સત્સંગમાં વપરાય છે. વ્યસનો દૂર થવાથી જીવન ઉજ્જવળ - સાથે સાથે પૈસે ટકે સુખી - (પ્રસંગો) (૭) પ્રામાણિકતા  એક લાખ રૂપિયાનું મળેલ બંડલ બાળમંડળનો બાળક બેંક મેનેજરને સુપરત કરે એવા ઊડીને આંખે વળગે તેવી પ્રામાણિકતા - નિયમધર્મની દૃઢતા - સત્સંગ પ્રસાર અને પ્રચાર માટે સમર્પણ - શૈક્ષણિક ઉત્કર્ષ - લૂંટફાટ છોડી નીતિમય જીવન - પ્રસંગો લખવા. (૮) આમ, સ્વામીશ્રીના અથાગ પરિશ્રમથી આદિવાસીઓના જીવન ઉર્ધ્વગામી બન્યા છે અને શુદ્ધ પવિત્ર થયેલ હૃદયોમાં સ્વામીશ્રીને ભગવાન દેખાય છે. - સ્વામીશ્રીએ પાયામાં રહીને આદીવાસીઓનાં જીવનનો ઉત્કર્ષ સુપેરે કર્યો છે. - ઉપસંહાર.

**૩. સત્પુરુષે આપેલા નિયમો - જીવનનું સુરક્ષા કવચ :** (૧) દરેક જીવમાત્ર પોતાના દેહની રક્ષા થાય તેવી ઈચ્છા રાખે છે. ભય એ જીવમાત્રની મૂળભૂત વૃત્તિ - ભય સામે રક્ષણ માટે જીવ માત્ર ઝઝૂમે છે. (૨) પરંતુ આ રક્ષા કઈ રીતે થાય ? તો નિયમ અને ધર્મપાલનથી મનુષ્યની રક્ષા થાય છે. - આપણા ઈષ્ટદેવે શિક્ષાપત્રીમાં આપેલા નિયમો તે આપણું સુરક્ષા કવચ - ૨૧૨ સુદર્શન ચક્રની શ્રીજીમહારાજ દ્વારા મુમુક્ષુઓને ભેટ. (૩) ઈષ્ટદેવે આપેલ નિયમોનું સત્પુરુષ દ્વારા સ્વયં પાલન - પોતાના આશ્રિતોને પણ આ નિયમોનું દૃઢતાથી પાલન કરાવે - આ ઉપરાંત મોટાપુરુષે આપેલા નિયમોથી પણ મુમુક્ષુ જીવોની, મનુષ્ય જીવનની રક્ષા. (પ્રસંગો) (૪) નિયમપાલનથી કોઈ ગેરલાભ નથી. ફક્ત લાભ જ થાય છે. આચારશુદ્ધિ, આહારશુદ્ધિ, વ્યવહારશુદ્ધિના નિયમોથી જીવનમાં રક્ષા થાય છે. આહારશુદ્ધિનો નિયમ પાળવાથી જીવનમાં સંયમ આવે, રોગો સામે રક્ષણ મળે. શરીર અને મન તંદુરસ્ત હોય તો ભગવાનની ભક્તિ કરવામાં શાંતિ રહે. વ્યવહારશુદ્ધિનાં નિયમો પાળવાથી આપણો વ્યવહાર શુદ્ધ રહે. કોઈ જાતની ચિંતા ન રહે અને વિઘ્નરહિત થઈને ભક્તિમાર્ગે આગળ વધાય. સારા આચાર-વિચારથી આંતર-બાહ્ય શુદ્ધિ રહે - તન-મન પવિત્ર રહે અને પ્રભુ ભજન થાય. (નિયમ પાલનથી થતા લાભના પ્રસંગો લખવા) (૫) નિયમપાલનથી બાહ્ય રક્ષા તો થાય છે પણ પંચવિષયના ખંડન અંગેના નિયમો પાળવાથી ઈન્દ્રિયો-અંતઃકરણ કુમાર્ગે જતા અટકે - તેથી ભક્તિનો માર્ગ નિર્વિઘ્ન બને - ખોટા સંકલ્પ-વિકલ્પ વિષયો ભોગવવાના ન થાય. તેથી જીવનમાં તન-મન અને ધનની રક્ષા થાય. (પ્રસંગો) (૬) આમ, મોટા પુરુષે આપેલ નિયમોનું તે સારી રીતે જીવન જીવવાનું સુરક્ષાકવચ - બાહ્ય અને આંતરિક સુરક્ષાકવચ. - ઉપસંહાર.

❑ ❑ ❑